# પરિષદ-પ્રમુખનો પત્ર

પ્રશ્ન ભાષાના મહત્ત્વનો નહીં, ભાષાના અસ્તિત્વનો છે. દુનિયાની આશરે છએક હજાર ભાષાઓમાંથી દર વર્ષે ઓછામાં ઓછી દસ કાળગ્રસ્ત થાય છે. ભાષાશાસ્ત્રીઓ માને છે કે જે ભાષા બોલનારા એક લાખથી ઓછા હોય એ ભૂંસાવાના વર્તુળમાં આવી જાય છે. આજે દુનિયામાં ત્રણેક હજાર બોલીઓ બોલનારા લોકોની સંખ્યા દશ હજાર કરતાં ઓછી છે.

ગુજરાતી બોલનારાઓની વસ્તી જોતાં આપણા પછીની અનેક પેઢીઓને આમ ભૂંસાવાનો ભય તત્કાળ જણાતો નથી. પણ ભાષાને ભૂંસી નાખનાર તત્ત્વોમાં એક મોટું તત્ત્વ શિક્ષણનું માધ્યમ બની શકે છે. યુનેસ્કોના શિક્ષણ વિભાગના ઉપનિયામક જ્હૉન ડેનિયલ માને છે કે આખી દુનિયામાં માતૃભાષા સિવાયની અન્ય ભાષા લાદવાનાં મુખ્ય બે કારણો હોય છે : કોઈ એક સમુદાય કે શાસનનો બળજબરીથી કોઈ દેશની ભાષા બદલવાનો પ્રયાસ અથવા 'આધુનિકતા' અંગેનો ભ્રમ ભરેલો ખ્યાલ.

શિક્ષણના માધ્યમનો વિષય ત્રણ બાબતો સાથે સંકળાયેલો છે : બાળકોની જ્ઞાન ગ્રહણ કરવાની સમતા, બાળકોનું ચારિત્ર્યઘડતર અને પોતાની સંસ્કૃતિ સાથે બાળકોનો સંબંધ.

દુનિયાના અનેક દેશોના શિક્ષણશાસ્ત્ર સંશોધકો વર્ષોના અભ્યાસ પછી એ નિર્ણય પર આવી ચૂક્યા છે કે માતૃભાષાના માધ્યમે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ શરૂઆતથી છેવટ સુધી માત્ર ભાષામાં જ નહીં, પણ બીજા વિષયોમાં પણ સારી પ્રગતિ દેખાડે છે. નિરક્ષર પ્રૌઢોને પણ સાક્ષર બનાવવામાં માતૃભાષા જ વધુ સરળ, ઝડપી અને કારગત નીવડે છે.

માધ્યમનો સંબંધ જેટલો જ્ઞાન સાથે છે એટલો જ, કે એનાથીયે વધારે, વિદ્યાર્થીની ભાવના સાથે છે. જ્ઞાનવર્ધન અને ભાવનાની ખિલવણીથી એનું ચારિત્ર્ય ઘડાય છે. ઇંગ્લૅંડના ભાષાશાસ્ત્રની 'સમર ઇન્સ્ટિટ્યૂટ'ના માજી વડા ડચર ફ્લિન્ટન રૉબિન્સન પોતાના અનુભવને એમ રજૂ કરે છે કે જે બાળકોને બીજી ભાષા મારફત ભણવું પડે છે, તેમના મન પર બે છાપ પડે છે : જો એમને બૌદ્ધિક સફળતા મેળવવી હોય તો તે, પોતાની ભાષા દ્વારા કદી નહીં મેળવી શકે અને બીજી છાપ એ કે તેમની માતૃભાષા તદ્દન નકામી છે. આ બંને છાપ બાળકના માનસમાં હીનતાનો ભાવ જન્માવે છે.

જ્યારે બીજી ભાષા કોઈ રાજનૈતિક કારણસર લાદવામાં આવતી હોય છે ત્યારે પ્રજામાં એની સામે વિદ્રોહની ભાવના ભભૂકી ઊઠે છે. ઉર્દૂ ભાષા લાદવાથી પૂર્વપાકિસ્તાનમાં જે બળવો જાગ્યો તેમાંથી તો પાકિસ્તાનના ભાગલા પડ્યા અને બાંગ્લાદેશ જન્મ્યો એ ઇતિહાસ જાણીતો છે. આજે આફ્રિકાના અનેક દેશોમાં ફ્રેન્ચ કે અંગ્રેજી ભાષા સામે આવો જ ભારેલો અગ્નિ ધખે છે. તિબેટમાં ચીની ભાષા લાદવા સામે તિબેટીઓનો સંઘર્ષ આજે પણ જારી છે. પશ્ચિમ યુરોપમાં છેલ્લા બેત્રણ દાયકાથી અનેક ગરીબ દેશોના લોકો જઈ વસ્યા છે. પરિણામે ૨૦૦૮ની સાલમાં ત્યાંના ૩૫ વર્ષથી નીચેની ઉંમરના લોકોની વસ્તીના ત્રીજા ભાગથી વધારે લોકો ઘરમાં પોતાની જ ભાષા, એટલે કે તુર્કી, બંગાળી, હિંદી, અરબી વગેરે ત્યાં ચોખાના વાવેતરને ઉત્તેજન આપવામાં આવે છે. અલબત્ત ત્યાં મોટી મોટી સડકો, રેલવે લાઇનો અને વિમાની મથકો બંધાયાં છે. પણ એની પાછળ તિબેટની પ્રગતિ કરતાં ચીનની લશ્કરી તાકાત વધારવાનો હેતુ સાફ વર્તાય છે.



ભાષાઓ બોલે છે. જ્યાં આ ભાષા બોલનાર બાળકોને તેમની માતૃભાષામાં શીખવાની સગવડ છે ત્યાં તેમનો આત્મવિશ્વાસ વધારે હોવાનું અભ્યાસ કરનારાઓએ જાણ્યું છે.

અમેરિકાના વર્જિનિઆ રાજ્યની જ્યૉર્જ મેસન યુનિવર્સિટીના સંશોધકો ૧૫ રાજ્યોની ૨૩ શાળાઓના અભ્યાસને અંતે એવા તારણ પર આવ્યા કે ૧૧ વર્ષના ભણતરનો વિચાર કરતાં એ ચોક્કસ લાગે છે કે માતૃભાષા અને સર્વસામાન્ય શિક્ષણને ઊંડો સંબંધ છે. આવા સંખ્યાબંધ અભ્યાસોને લીધે અનેક દેશો પોતાની લઘુમતીનાં બાળકોને ધ્યાનમાં રાખીને તેમને પ્રારંભિક શિક્ષણ તેમની માતૃભાષામાં આપે છે. ઑસ્ટ્રેલિયામાં છેલ્લાં વીસ વર્ષથી બહારથી આવીને વસેલાં કુટુંબોનાં બાળકોને પોતપોતાની ભાષાઓ શિખવાય છે. ન્યૂઝીલૅન્ડમાં ત્યાંના આદિવાસીઓને તેમની ભાષામાં શીખવાડવાથી તે બાળકોએ ખૂબ પ્રગતિ કરી હોવાનું નોંધાયું છે.

માતૃભાષાના માધ્યમનો સંબંધ માત્ર ભાષા સાથે જ નહીં, પણ બાળકોની આખી સંસ્કૃતિ જોડે છે. એ વાતની ઉપેક્ષા થઈ શકે એમ નથી. બાંગ્લાદેશમાં કાઝી નઝરુલના એક કાવ્યમાં મૂળ 'મહાસ્મશાન' શબ્દની જગાએ પાકિસ્તાની સરકારે 'ઘોરિસ્તાન' શબ્દ મૂકવાનો પ્રયાસ કર્યો તેનાથી ત્યાં ભારે ઊહાપોહ થયો હતો, કારણ લોકોને એમાં પોતાની સંસ્કૃતિ સાથે છેડછાડ થતી જણાઈ હતી.

સંસ્કૃતિ સાથે માત્ર છેડછાડ નહીં, પણ એની ઉપર સીધા આક્રમણનો પ્રયાસ આજે ચીની સરકાર દ્વારા તિબેટ ઉપર થઈ રહ્યો છે. ત્યાં તિબેટના મૂળ વતનીઓ સારુ પણ એમની માતૃભાષાને બીજી ભાષા ગણી તેને દુય્યમ સ્થાન આપવા પ્રયાસ ચાલે છે. આજે ત્યાં સરકારી વહીવટનું બધું કામકાજ ચીની ભાષામાં ચલાવવામાં આવે છે. તિબેટના લોકોને નોકરી જોઈતી હોય તો તેમને સારુ ચીની ભાષાની પરીક્ષા આપવી ફરજિયાત છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચીની માધ્યમ અને તિબેટીને એક સ્વૈચ્છિક વિષય બનાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો ચીની ભાષામાં અપાય છે. બધાં સરકારી પત્રકો ચીનીમાં ભરવાનાં હોય છે. અને રસીદો પણ ચીની ભાષામાં હોય તો જ એ કાયદેસરની ગણાય છે. બજારમાં આવતા સર્વ નવા માલની જાહેરાતો ચીનીમાં થાય છે. વીસમી સદીના આઠમા દાયકા સુધી ત્યાં અધ્યાપન મંદિરોમાં તિબેટી ભાષા હતી. હવે તે કાઢી નાખવામાં આવી છે. ખાનગી રીતે તિબેટી શીખવવાના પ્રયાસોને પણ કચડી નાખવામાં આવે છે. પાઠ્યપુસ્તકો સામ્યવાદી પ્રચારથી ભરી દેવાયાં છે. ઘણાં બાળકોને ભણાવવા સારુ ચીન લઈ જવામાં આવ્યાં છે. જે વાલીઓ પોતાનાં બાળકોને ભારતમાં શિક્ષણ અપાવવા ઇચ્છતા હોય તેમને તેમ કરવા દેવામાં આવતા નથી.

આટલી તો થઈ પ્રત્યક્ષ ભાષા સાથેની – મુખ્યત્વે માધ્યમ બદલીને કરવામાં આવેલી છેડછાડ. પણ ચીન દ્વારા થતું સાંસ્કૃતિક આક્રમણ એટલાથી અટકતું નથી. તિબેટમાં સેંકડો બૌદ્ધ મઠ-મંદિરોનો નાશ કરવામાં આવ્યો છે. હા, કેટલાક મોટા મઠોને પર્યટનના વ્યવસાય સારુ ટકાવી રાખ્યા છે. પણ ત્યાં નીમવામાં આવેલા 'ભિક્ષુઓ' ચીની સરકારના પગારદાર નોકરો છે. લ્હાસા શહેરના મુખ્ય મઠની આસપાસ રેસ્ટોરાં, નાઇટક્લબ, અને કૂટણખાનાં ઊભાં થયાં છે. તિબેટની સાઠેક લાખની વસ્તી વચ્ચે પંચોતેર લાખ ચીના સોલ્જરો, નોકરો અને નાગરિકોને વસાવવામાં આવ્યા છે. તિબેટનો મુખ્ય ખોરાક જવ હતો.તેને બદલે હવે

આક્રમણકારી શાસકો જીતેલા પ્રદેશ પર પોતાની ભાષા અને પોતાની સંસ્કૃતિને બળજબરીથી લાદવા પ્રયત્ન કરે એ અનુભવ દુનિયાને નવો નથી. રાજનૈતિક અને આર્થિક સત્તા ઉપરાંત આક્રમણકારી સત્તાઓ પ્રજાના માનસ પર પણ પોતાનું વયસ્ક સ્થાપવા ઇચ્છતી હોય છે. મનોવૈજ્ઞાનિક કે સાંસ્કૃતિક આક્રમણ માત્ર શસ્ત્રબળથી નથી થતું. એને માટેનું સૌથી સુલભ સાધન શિક્ષણ છે. મેકોલેના કાળમાં જ્યારે ભારતમાં અંગ્રેજી શિક્ષણ દાખલ થવામાં હતું ત્યારે બ્રિટિશ પાર્લમેન્ટમાં બે પ્રકારના મત પ્રવર્તતા હતા. ભારતને અંગ્રેજી શિક્ષણ ન આપવું જોઈએ એમ માનનારા સાંસદોની મુખ્ય દલીલ એ હતી કે અંગ્રેજી શિક્ષણને લીધે ભારતના લોકોને સ્વતંત્રતાના વિચારનો સ્પર્શ થશે. પછી તેઓ તેને સારુ માગણી કે ચળવળ કરશે. અંગ્રેજી શિક્ષણ આપવાની તરફદારી કરનારાઓ ભારતમાં પોતાના કહ્યા મુજબ કામ કરી શકે એવો નોકરવર્ગ ઊભો કરવા માગતા હતા. આમ બંને પક્ષો ભારતની ગુલામીને ટકાવવા માગતા હતા. ભારતમાં અંગ્રેજી શિક્ષણ દાખલ થયું તેનાથી બ્રિટિશ સરકારને નોકરિયાત વર્ગ તો મળ્યો જ, પણ સાથે સાથે અંગ્રેજી ભાષા અને પશ્ચિમી સંસ્કૃતિથી અભિભૂત થનાર શિક્ષિત વર્ગ પણ મળ્યો. પશ્ચિમની અસર – ખાસ કરીને પુનરુત્થાન કાળ અને ઔદ્યોગિક ક્રાંતિ પછીની વૈચારિક અસર પણ આ ભણેલા વર્ગ પર પડી. અંગ્રેજોની ગુલામી કાઢવા મથનારા લોકોમાં યે પશ્ચિમી સંસ્કૃતિથી અહો અહો થનારા લોકો હતા.

ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' પુસ્તક દ્વારા પશ્ચિમી સંસ્કૃતિના સંસ્થાનવાદ, ઉપભોગવાદ અને યંત્રની ઘેલછાને પડકારી. ભારતને રાજનૈતિક સ્વતંત્રતા મળી ત્યારે પણ એને અર્થનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતા નથી મળી એમ ગાંધીજી માનતા હતા. તેઓ કહેતા હતા કે મારે અંગ્રેજોનો વિરોધ નથી કરવો. અંગ્રેજિયતનો વિરોધ કરવો છે. આપણા દેશના આગેવાનોએ અંગ્રેજોનો વિરોધ કર્યો. પણ અંગ્રેજિયતને આવકારી. આ ઠેકાણે આ મતભેદોની ચર્ચામાં ન ઊતરતાં આપણે એટલું જ કહીશું કે દેશની માતૃભાષાઓને બદલે અંગ્રેજીને માધ્યમ બનાવવાનો વિચાર આપણી ગુલામીનાં વર્ષોનો વારસો છે. આપણી ભાષાઓને દેશની બહોળી અને ઊંડી સંસ્કૃતિનો વારસો છે. ગુજરાતી ભાષાને નરસિંહ અને મીરાથી માંડીને ગાંધી અને આજના અનેક સાહિત્યકારો સુધીનો વારસો છે. એને પુષ્ટ કરનાર બોલીઓમાં રાજાપરજ, ખેતીપરજ અને દરિયાપરજનું વૈવિધ્યભરેલું લોકસાહિત્ય છે. ગુજરાતે શૈવ અને વૈષ્ણવ ઉપરાંત જૈન, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી સંસ્કાર ઝીલ્યા છે. આજે ગુજરાતીઓ જગતભરમાં પસરાયેલા છે તેથી ગુજરાતીનાં દ્વાર વિશ્વસંસ્કૃતિની ભદ્ર હવાનું સ્વાગત કરવા ખુલ્લાં છે.

બાળક જાતે વસ્ત્રો પહેરતાં શીખે તે પહેલાં બોલતાં શીખે છે. ભાષા એ સંસ્કૃતિ-વૃક્ષનું બીજ છે. જેના શિક્ષણના માધ્યમ તરીકે એની માતૃભાષાનાં મૂળિયાં જ કપાય છે તેની સંસ્કૃતિ સુકાઈ શકે.

જે જુલમ ચીન બળજબરીથી તિબેટ પર કરવા માગે છે, તે જ જુલમ જો આપણે પોતાની ભાષા પ્રત્યેના હીનભાવથી કે અંગ્રેજી પ્રત્યેના અહોભાવથી થવા દઈએ તો આપણે જ હાથે કરી સંસ્કૃતિના હત્યારા બનીએ. વિરોધ અંગ્રેજી ભાષાનો નથી. દુનિયાની કોઈ પણ ભાષા મારફત આવતું જ્ઞાન આપણને ખપે છે. વિરોધ માધ્યમ તરીકે માતૃભાષાનો છેદ ઉડાડવા સામે છે. તેમ કરવાથી આપણે બીજી અનેક વસ્તુઓ સાથે વિશ્વનું જ્ઞાન મેળવવાના પ્રથમ સાધનને પણ ગુમાવીશું.

– નારાયણ દેસાઈ



**નોંધ :** આ લેખમાં યુનેસ્કો અંગેની માહિતી તેની Education Today પત્રિકાના આ વર્ષના છઠ્ઠા અંકને આધારે અને તિબેટ અંગેની માહિતી ત્યાંની દેશવટો ભોગવતી સરકારના ઉચ્ચ અધિકારીઓ જોડેની મુલાકાતને આધારે આપવામાં આવી છે. ભાષા લેખકની છે.